**Surat Municipal Corporation**

**South Zone-A (Udhana)**

**Notice No. DMC/SZ-A/39/2025-26**

**Name of Work: -** Awarding Advertisement Rights on Hoarding including Erection of Boards on the Pay & Use Toilet Blocks of South Zone-A(Udhna), Surat(4th Attempt)

## ADDENDA CORRIGENDUM

1. **The Bidder are requested to take note of the following changes made in the Quotation, which are to be taken in to account while submitting the Quotation. It shall be presumed to have done so and accordingly submitted the Quotation.**
2. **This addenda corrigendum along with associated enclosures shall be submitted in hard copy along with the Quotation duly signed and stamped by the authorized signatory of the bidder.**
3. **This Addenda Corrigendum shall be treated as a part of the Quotation. All addenda and Corrigendum issued by this office along with enclosure must be signed on each and every page towards the acceptance of the same and its hard copy must be sent along with Quotation duly signed and sealed.**
4. **All the items, conditions, etc. given in the Addenda Corrigendum, supersedes relevant items, conditions, etc. to that effect as provided in the original Quotation**

| Sr No | Item Description | Sub Item no. | Sub Item detail & Page No. | Original Text | Amended Text |
|---|---|---|---|---|---|
| 1 | Bid documents downloading end date & Time | --- | --- | Date- 31/01/2026, Time- Upto 18.00 hours. | Date- 05/02/2026, Time- Upto 18.00 hours. |
| 2 | ANNEXURE-A, ANNEXURE-B & Sheet of TAXES, DUTIES, OCTROI, ETC. | --- | --- | --- | Sheet of ANNEXURE-A, ANNEXURE-B & TAXES, DUTIES, OCTROI, ETC. are attached. |

All other Quotation terms, conditions, specifications, stipulations etc. will remain unchanged. Please note that **Addenda-Corrigendum** is part of original documents and needs to be sealed, signed and duly attached along with Quotation.

sd/-

**Seal & Sign of Bidder**

**Deputy Municipal commissioner**
**South Zone-A (Udhna)**
**Surat Municipal Corporation**

કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા,
સાઉથ ઝોન–એ (ઉધના),
**સત્યનગર સામે, ઉધના, સુરત**
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

**નં. સા.ઝોન /ટેક/આ.૯૧૮૧**
**તા.૨૭/૦૧/૨૦૨૬**

**પ્રતિ,**

**વિષય :–** સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું માધ્યમ/બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો મેળવવા અંગેના કામ.(ચોથો પ્રયત્ન)

**સંદર્ભ :–** માન.ડેપ્યુટી મ્યુ.કમિશ્નરશ્રીની તા.૩૦/૧૨/૨૦૨૫ ની મંજુરી.

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું માધ્યમ/બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો મેળવવા કામે રસ ધરાવાત હોય તો આ સાથે સામેલ ભાવપત્રકમાં આપની ઓફર સહી સિકકા સાથે રૂા. ૧૦,૦૦૦ /– ની બાનાની રકમ ડીમાન્ડ ડ્રાફટ(ફકત "કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકા" નામનો) સહિત તા. ૦૫/૦૨/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારને સીલબંધ કવરમાં પહોંચતુ કરવા ઘટતુ કરશો.

## [A] સામાન્ય શરતો (General Condition) :–

(૧) ઈજારદારે નીચે જણાવેલ ડોકયુમેન્ટ ભાવપત્રક સાથે જમા કરાવવાના રહેશે.

(A) EMD ના A/C Pay DD/Check ની નકલ.

(B) અનુભવનો લેટર/કરેલ કામના પુરાવા

(C) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ/ ગુમાસ્તાધારા સર્ટીફીકેટની નકલ.

(D) પરમેન્ટ એકાઉન્ટ નંબર (પાના) ની નકલ.

(E) GST રજીસ્ટ્રેશનની નકલ.

(F) છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમ ટેક્ષ રીટર્ન ફાઈલ કર્યાની નકલ અને છેલ્લા ૦૩(ત્રણ) વર્ષનો સી.એ. ટર્નઓવર સર્ટીફીકેટ

(G) ધંધા વ્યવસાયના પ્રકાર વિષયક ઓળખ સંબંધિત ડોકયુમેન્ટ દા.ત. પ્રોપરાઈટર હોય તો લેટરપેડ ઉપર સેલ્ફ ડેકલેરેશન/ભાગીદારી પેઢી એ દરેક ભાગીદારના નામ સાથે, વિગતો સહિત પાર્ટનર શીપ ડીડ/એચ.યુ.એફ. માટે કર્તાના પાવર ઓફ એર્ટની અને ડીડ/પ્રાઈવેટ લિ. તથા લીમીટેડ કંપની માટે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ ધ્વારા ઈસ્યુ કરાયેલ "સર્ટીફીકેટ ઓફ ઈનકોર્પોરેશન" ધંધા ના પ્રકાર મુજબ જે લાગુ પડતું હોય તે ડોકયુમેન્ટ કાયદેસરની ઓળખના પુરાવા તરીકે રજુ કરવાનાં થશે.

(H) બિડર કોઈ પણ ઓર્ગોનાઈઝેશન / કેન્દ્ર સરકાર / રાજય સરકાર / મ્યુનિસિપલ કોર્પોરેશન / લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ ધ્વારા બ્લેક લિસ્ટ કરવામાં આવેલ ન હોવો જોઈએ. તે માટે રૂા. ૩૦૦ /– ના સ્ટેમ્પ પેપર ઉપર અન્ડરટેકીંગ રજુ કરવાનું રહેશે અને એનેક્ષર –એ માટે રૂા. ૩૦૦ /– ના સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ રજુ કરવાનું રહેશે.

(૨) પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ઉપર જાહેરાતના હકકો માટે જણાવેલ બાનાની રકમ (EMD) નો રાષ્ટ્રીય/ સ્થાનિક શીડયુલ બેંકનો પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફટ અચુક બીડવાના રહેશે. બાનાની રકમ વિનાના ભાવપત્રક રદ થયેલ ગણાશે.

(૩) કોઈપણ ભાવપત્રક સ્વીકારવું કે કેમ તે અંગે સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે અને તે અંગે કોઈ કારણો આપવામાં આવશે નહીં.

(૪) ઈજારદારએ બાનાની રકમ (EMD) કવર ઉપર કામનું નામ– " સુરત મહાનગરપાલિકા સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં જુદા–જુદા લોકેશન પર આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક ઉપર જાહેરાતના હકકો મેળવવાનું કામ" તેમ સ્પષ્ટ લખવાનું છે.

(૫) ઈજારદારએ બાનાની રકમના સ્થાનીક રાષ્ટ્રીય / શીડયુલ બેંકના "કમિશ્નર, સુરત મહાનગરપાલિકા" ના નામના પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફટ કવરમાં સીલબંધ કરી અત્રેની કચેરીએ (સાઉથ ઝોન–એ (ઉધના),સત્યનગર સામે, ઉધના, સુરત ), **તા.૦૫/૦૨/૨૦૨૬** ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં ફકત રજી.પોસ્ટ એ.ડી.થી અથવા સ્પીડપોસ્ટ થી મોકલવાનું રહેશે. નિયત મુદત બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૬) ભાવપત્રકમાં દર્શાવેલ પબ્લીક ટોયલેટ માટેના તમામ જાહેરાતના માધ્યમો માટે ભાવ આપવાનો રહેશે અને તે મુજબની ગણતરી અનુસાર જરૂરી સીકયોરીટી ડીપોઝીટ તથા પ્રથમ ત્રિમાસીક લાયસન્સ ફી ની રકમ સબંધિત ઝોન કચેરીમાં ભરવાની રહેશે.

(૭) સદર કામની નિયત મુદત / સમય મર્યાદા ૦૫ (પાંચ) વર્ષ છે. આપેલ પરવાનો પરવાનેદારે ૦૫ (પાંચ) વર્ષ માટે ફરજીયાત ચાલુ રાખવાનો રહેશે. ભાવપત્રકની ઓફર કરેલ લાયસન્સ ફી ભરવાની રહેશે, ભાવપત્રકની ઓફર કરેલ પ્રથમ વર્ષની વાર્ષિક લાયસન્સ ફીમાં ૫ % નો વધારો કરી બીજા વર્ષની લાયસન્સ ફી ભરવાની રહેશે , બીજા વર્ષની વાર્ષિક લાયસન્સ ફીમાં ૫ % નો વધારો કરી ત્રીજા વર્ષની લાયસન્સ ફી ભરવાની રહેશે. ત્રીજા

વર્ષની વાર્ષિક લાયસન્સ ફીમાં ૫ % નો વધારો કરી ચોથા વર્ષની લાયસન્સ ફી ભરવાની રહેશે. ચોથા વર્ષની વાર્ષિક લાયસન્સ ફીમાં ૫ % નો વધારો કરી પાંચમા વર્ષની લાયસન્સ ફી ભરવાની રહેશે.

(૮) ભાવપત્રકમાં જણાવ્યા મુજબ જુદા–જુદા લોકેશન પર આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક ઉપર ઓછામાં ઓછી ૧૦' × ૧૦' તથા વધુમાં વધુ ૨૦' × ૨૦' ની સાઈઝમાં બોર્ડ/હોર્ડીંગ્સ ઉભા કરી જાહેરાત પ્રદર્શિત કરવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્થળ સ્થિતિ મુજબ જે પબ્લીક ટોયલેટ બ્લોક ઉપર જાહેરાતના બોર્ડ ઉભા કરી શકાય તેમ ન હોય, તે પબ્લીક ટોયલેટ બ્લોકને લાગુ ૩.૦૦ મી. ના વિસ્તારમાં ગ્રાઉન્ડ પર જાહેરાતનું માધ્યમ જે તે સંબંધિત ઝોન કચેરીના સંકલનમાં રહી અડચણરૂપ ન હોય તે રીતે સુરત મહાનગરપાલિકાની મંજુરીથી ઉભા કરવાના રહેશે.

(૯) PPP ધોરણે બનાવેલ પબ્લીક ટોયલેટ બ્લોક ઉપર જાહેરાતના માધ્યમો પ્રસિધ્ધ કરવાના હકકો ફાળવવામાં આવેલ હોય તો, તે પબ્લીક ટોયલેટ બ્લોક ટેન્ડરમાંથી બાકાત રાખવાનું રહેશે. તે ઈજારદારને બંધનકર્તા રહશે.

(૧૦) ઈજારદારે જમા કરાવેલ ચેક બાઉન્સ / પરત થવાના સંજોગોમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે કાર્યવાહી કરી શકશે તેમજ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં ચેક દીઠ રૂા. ૧૦૦૦/– અથવા તો પ્રતિ એક લાખની રકમ માટે રૂા. ૧૦૦૦/– દંડ પેટે, બે માંથી જે વધારે હશે તે વસુલ લેવામાં આવશે.

(૧૧) ઈજારદાર ધ્વારા સદર કામની ઓફર પ્રતિ ચો. ફૂટ/પ્રતિ વર્ષ મુજબ આપવાની રહેશે.

(૧૨) પરવાનગીની મુદત દરમિયાન સરકારશ્રીના ધારા ધોરણ મુજબનો GST જે પરવાનેદારે લાયસન્સ ફી સાથે ભરવાનો રહેશે. તેમજ સરકારી/અર્ધ સરકારી તમામ પ્રકારનાં વખતો વખત લાગુ પડતાં કરવેરા પરવાનેદારે અલગથી ભરવાના રહેશે.

(૧૩) સિંગલ ઓફર મળવાના સંજોગોમાં સિંગલ ઓફર ગ્રાહય રાખવા અંગે મ્યુનિસીપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહશે.

(૧૪) ભાવપત્રકમાં આવેલ મહત્તમ ઓફરની સક્ષમ સત્તાની મંજુરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેમાં હાઈએસ્ટ બિડરે જમા કરેલ ડોકયુમેન્ટ સેલ્ફ એટસ્ટેડ, પોતાના નામ, સહિ, હોદ્દો તથા સિકકા સાથેની હાર્ડ કોપી રજુ કરવાની રહેશે. એજન્સી ધ્વારા ભાવપત્રકમાં ભાવ આપ્યા બાદ કોઈપણ તબક્કે પોતાની ઓફર પરત ખેંચી શકાશે નહી. એજન્સી ધ્વારા નિયત સમયમાં સિકયોરીટી ડિપોઝીટ તેમજ લાયસન્સ ફી ભરવાની રહેશે, તેમ ન કરવામાં આવે અથવા જરૂરીયાત મુજબનાં ડોકયુમેન્ટસ રજુ કરવામાં નહી આવે તો, હાઈએસ્ટ બિડરને ડિસ્કવોલીફાઈડ જાહેર કરવામાં આવશે. આવા ડિસ્કવોલીફાઈડ બિડરની ઈ.એમ.ડી. સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરાશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે.

(૧૫) સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ભાવપત્રક અન્વયે પ્રથમ હાઈએસ્ટ બિડર ડિસ્કવોલીફાઈડ થાય તો પ્રથમ હાઈએસ્ટ આવેલ બિડરની ઈ.એમ.ડી. ની રકમ જપ્ત કરી, ભાવપત્રકની શરતો મુજબ કાર્યવાહી કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે. જેમાં સેકન્ડ હાઈએસ્ટ બિડરને કે ત્યાર બાદ થર્ડ હાઈએસ્ટ બિડરને પ્રથમ હાઈએસ્ટ ના ભાવે ઓફર આપવાના કામે નેગોશીયેશન માટે જાણ કરવામાં આવશે. જેમાં સેકન્ડ/ થર્ડ હાઈએસ્ટ બિડર ધ્વારા સંમતિ આપ્યેથી તેઓને સદર કામનો પરવાનો આપવા અંગે કાર્યવાહી કરવામાં આવશે તથા સદર ભાવપત્રકની તમામ શરતો લાગુ પડશે. આ બાબતે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહશે. તેમજ સદર કામે આવેલ સેકન્ડ હાઈએસ્ટ બિડરને પ્રથમ હાઈએસ્ટ બિડરના ભાવે કામગીરી કરવા સહમત ન થાય તો, સદર કામે આવેલ થર્ડ હાઈએસ્ટ બિડરને પ્રથમ હાઈએસ્ટ બિડરના ભાવે કામગીરી કરવા સહમતી આપવા જણાવવામાં આવશે. જે અન્વયે થર્ડ હાઈએસ્ટ બિડર પણ પ્રથમ હાઈએસ્ટ આવેલ બિડરની રકમ મુજબ કામગીરી કરવા સહમત ન થાય તો, ટેન્ડર રીટેન્ડર કરવાનું રહેશે.

(૧૬) નિયત કરેલ પબ્લીક ટોયલેટની સાઈટના સામેલ યાદીને ધ્યાને લઈ જે તે ભાવપત્રક ભરવાનું રહેશે. ભાવપત્રક ખુલ્યા બાદ ચેન્જ ઓફ સાઈટની કોઈ જ માંગણી ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૧૭) ઈજારદાર ધ્વારા સમયસર લાયસન્સ ફી ભરવામાં ન આવે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા કોઈપણ કારણથી જાહેરાત ખસાડવા જાણ કર્યા છતાં ન ખસેડે, કોઈ પણ શરતનું પાલન ન કરે તો સુરત મહાનગરપાલિકા પરવાનેદારના ખર્ચે અને જોખમે સદરહું જાહેરાત દુર કરી શકશે. આ અંગે પેનલ્ટી સહિતનો વહીવટી ચાર્જ પરવાનેદાર પાસેથી વસુલ કરી શકાશે, સદર જાહેરાત માધ્યમોનો કબ્જો સુરત મહાનગરપાલિકા મેળવી, તેની ઉપર જાહેરાતના હકકો ફાળવવા હકકદાર રહેશે.જે અન્વયે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૮) CGDCR–૨૦૧૭ સંદર્ભે જે કોઈ નિર્ણય લેવાય કે ફેરફારો થાય અને તે સંદર્ભે સુરત મહાનગરપાલિકા જે નિર્ણય કરે તેને આધિન, આ કામનો પરવાનો આપ્યો હોવાનું ગણવાનું રેહેશે.

(૧૯) પબ્લીક ટોયલેટ બ્લોક ઉપર જાહેરાતનું બોર્ડ/હોર્ડીંગ્સ ઉભું કરી પ્રદર્શિત કરવા માટે આપેલ ઈજારાના સમયગાળા દરમિયાન ભાવપત્રકમાં દર્શાવેલ યાદી પૈકીના કોઈ પણ પબ્લીક ટોયલેટ બ્લોક દુર કરવાનો સુરત મહાનગરપાલિકા તરફથી નિર્ણય કરવામાં આવે તો દુર થયેલ પબ્લીક ટોયલેટ બ્લોકની પછીના બાકીના સમયગાળા માટે લાયસન્સ ફી માં પ્રમાણસર ઘટાડો કરવા મહાનગરપાલિકા અને ઈજારદાર બંધાયેલ રહેશે, પરંતુ ઈજારદારને દુર થયેલ જાહેરાતના માધ્યમો અન્વયે કોઈ વળતર મેળવવાનો અધિકાર રહેશે નહી.

(૨૦) ભાવપત્રકમાં જણાવ્યાં મુજબના પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું બોર્ડ/હોર્ડીંગ્સ ઉભા કરી જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો આપવા માટેની કામગીરી છે. આ હકકો આપવાથી સુરત મહાનગરપાલિકાની આ

જગ્યા/ મિલ્કતો પર સદર ફાળવેલ હકક સિવાયના અન્ય જાહેરાતના માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવાના સુરત મહાનગરપાલિકના હકકો અબાધિત રહે છે તથા તે અન્વયે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. વધુમાં, સદરકામે ઈજારદાર ધ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા બનાવવામાં આવેલ જાહેરાત ના માધ્યમ ઈજારાની સમયમર્યાદા પૂર્ણ થતા વિના વળતરે સારી હાલતમાં સુરત મહાનગરપાલિકાને સોંપવાના રહેશે. જો ઈજારદાર ધ્વારા પોતાની જાહેરાતો/લખાણ/લોગો વિગેરે દુર કરવાનો વિલંબ હશે તો તે તમામ ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા દુર કરી/કરાવી જુદા–જુદા તમામ માધ્યમોનો કબ્જો લઈ લેશે અને તે અંગેની જે કઈ ખર્ચ થાય તે તથા આ મુજબ કરવામાં વધારાનો સમય લાગે તે માટે પણ સપ્રમાણ વધારાની લાયસન્સ ફી/ચાર્જ અત્રે જમા સીકયોરીટી ડિપોઝીટની રકમમાંથી કાપી લેવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

(૨૧) વહિવટી સરળતા ખાતર અથવા નડતરરૂપ પબ્લીક ટોયલેટ બ્લોકો જે તે સ્થળે ખસેડવા અથવા નાના મોટા કરવા અંગે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે.

(૨૨) ઈજારાની શરતોનુંપાલન કરવામાં નિષ્ફળ ગયેથી મ્યુ.કમિશ્નરશ્રીને ઈજારદારની જમા સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે. કરાર ભંગના પરિણામે મહાનગરપાલિકાને જે કાંઈ નુકશાન થશે તે માટે પણ ઈજારદાર જવાબદાર રહેશે. ઈજારદારે ઈજારાની શરતોનો ભંગ કરેલ છે કે કેમ ? તથા ડિપોઝીટની રકમ જપ્ત કરવી કે કેમ ? તે અંગેનો મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૨૩) એગ્રીમેન્ટના મુસદ્દામાં જણાવેલ શરતો ભાવપત્રકનો ભાગ ગણાશે અને એગ્રીમેન્ટમાં જણાવેલ શરતોનું પાલન કરવા ઈજારદાર બંધનકર્તા રહેશે અને તેમ કરવામાં જો કસુર થશે તો જામીનગીરી તરીકેની સીકયોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને સુરત મહાનગરપાલિકાને આ કરાર ભંગ થયેથી જે કંઈ નુકશાન થશે તે નુકશાનીની રકમ સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી કાયદેસર રીતે વસુલ કરવા હકકદાર રહેશે. ઈજારદારે કરારની કોઈ શરતનો ભંગ કર્યા છે કે નહી ? અને ડિપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી ? તે બાબતનો મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો રહેશે અને તે ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૨૪) ઈજારદાર તથા મહાનગરપાલિકા વચ્ચે કોઈ પણ વિવાદ ઉભો થાય તેવા પ્રસંગે મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને ઈજારદારને બંધનકર્તા ગણાશે.

(૨૫) ઈજારો મંજુર થતા સફળ ઈજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરૂ ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નેબર વિગેરેની વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમા કોઈ ફેરફાર થાય તેની જાણ તાત્કાલિક સુરત મહાનગરપાલિકાને કરવાની રહેશે. ઈજારદારે જણાવેલ સરનામા ઉપર સુરત મહાનગર પાલિકા ધ્વારા જે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૨૬) ભાવપત્રકમાં જણાવેલ તમામ લોકેશન માટે ઈજારદારે ભાવો આપવાના રહેશે. અંશતઃ (Part offer) ઓફર સ્વીકારવામાં આવશે નહી.

(૨૭) પબ્લીક ટોયલેટ બ્લોકને જો હયાત જગ્યાએથી ખસેડીને નવી જગ્યાએ મુકવાનો નિર્ણય કરવામાં આવે તો મંજુર ભાવ પ્રમાણે જ શીફટ થયેલ જગ્યાએ પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું બોર્ડ ઉભુ કરી જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો ઈજારદારના રહેશે.

(૨૮) જો ઈજારદાર ઈચ્છે તો જાહેરાતને પ્રકાશિત (illuminated) કરી શકશે. જાહેરાત પ્રકાશિત કરવા માટેની વીજળીની જોગવાઈ / કનેકશન તેમજ મીટર વિગેરે મેળવવાની તમામ કાર્યવાહી ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. જેને માટે ઈજારદારની લેખિત અરજી મળ્યેથી અત્રેથી વીજળી કનેકશન / મીટર મેળવવામાં સહયોગી થઈ શકાય તે હેતુથી "ન વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવશે. પ્રકાશિત (illuminated) જાહેરાત માટે વીજ કનેકશન / મીટર મેળવવાનો તમામ ખર્ચ ઈજારદારે ભોગવવાનો રહેશે તથા ઈજારાના સમગ્ર સમયગાળા દરમ્યાનના વીજ વપરાશના ચાર્જિસ નિયમિત રૂપે જે તે વીજકંપનીને ભરપાઈ કરવાના રહેશે.

(૨૯) ભાવપત્રકની તમામ શરતોનું પાલન ઈજારદારે પરવાનાની મુદત દરમિયાન કરવાનું રહેશે. જો કોઈ શરતનો ભંગ કરવામાં આવશે તો શરત દીઠ અને જાહેરાતના બોર્ડ દીઠ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) જે તે પરવાનેદારે મહાનગરપાલિકાની તિજોરીમાં જમાં કરાવવાના રહેશે. જે બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૩૦) સુરત મહાનગરપાલિકા તરફથી વખતો વખત કોઈ શરતોમાં ફેરફાર થાય અગર તો કોઈ નવી શરતો ઉમેરાય તો તે તમામ પરવાનેદારને માન્ય તથા બંધનકર્તા રહેશે તથા કોઈપણ શરતોના અર્થઘટન માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૩૧) ઈજારદારે ઓફર આપતા પહેલા ભાવપત્રકમાં દર્શાવેલ તમામ પબ્લીક ટોયલેટ બ્લોકની સ્થળ પરિસ્થિતિ તથા તેના હદ વિસ્તાર વિગેરે રૂબરૂમાં નિરીક્ષણ કરેલ હોવાનું માનવામાં આવશે જેથી આ બાબતે પાછળથી કોઈ તકરાર ચાલશે નહી.

(૩૨) ભાવપત્રકમાંની તમામ શરતો પૈકી કોઈ પણ શરતનું પાલન જો ઈજારદાર તરફથી કરવામાં ન આવે તો દિન–૩૦ ની નોટીસ આપી કામગીરીમાંથી મુકત કરવામાં આવશે અને આ તબક્કે કરેલ કામગીરી અંગે કોઈપણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી.

(૩૩) જો ઈજારદાર તેમને સોંપવામાં આવેલ ઈજારાની નિયત સમય મર્યાદા પુર્ણ થાય તે પહેલા પોતાનો ઈજારો રદ કરવા ઈચ્છે તો તેઓએ ઓછામાં ઓછા ૬ (છ) માસ અગાઉથી લેખિતમાં જાણ કરવાની રહેશે. તેઓની રજુઆત જો ગ્રાહય રાખવામાં આવે અને તે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી જાણ કર્યેથી ઈજારો રદ થયેલો ગણાશે અને ત્યારબાદ ઈજારદારે તમામ માધ્યમો પરથી જાહેરાતો દુર કરવાની રહેશે. ઈજારદારે અંશતઃ ઈજારો રદ કરી શકાશે નહી. તેઓને સોંપવામાં આવેલ પૂરેપૂરી કામગીરી માટે ઈજારો રદ કરવામાં આવશે. ઈજારો રદ કરવો કે કેમ ? તે અંગે નિર્ણય લેવાની મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે.

(૩૪) સુરત મહાનગરપાલિકા ધ્વારા સદર કામે ફાળવવામાં આવેલ જાહેરાતના હકકો અન્ય કોઈપણ એજન્સી ને પેટા ભાડેથી આપી શકશે નહી તેમ છતાં જો તેમ થયેલ હોવાનું જણાશે તો સુરત મહાનગરપાલિકા તેવી જાહેરાત વિના નોટીસે, ટેન્ડરરના ખર્ચે અને જોખમે દુર કરી શકશે અને તે અંગે કોઈ વળતર મેળવવા તેઓ હકકદાર રહેશે નહી.

## [B] ઈએમડી (બાનાની રકમ) સિકયુરીટી ડિપોઝીટ, લાયસન્સ ફી, ટેક્ષ / ડયુટી બાબત :–

(૧) ઈજારદારે બાનાની રકમ (EMD) ભાવપત્રક સાથે જમા કરાવવાની રહેશે.

(૨) સફળ ઈજારદારે ભાવપત્રક મંજુર થયાની લેખિત જાણ કર્યાની તારીખથી / એલોટમેન્ટ લેટર મળ્યાની તારીખથી **દિન–૦૭(સાત)** માં સીકયોરીટી ડિપોઝીટ રોકડેથી / ચેકથી / ડીમાન્ડ ડ્રાફ્ટ થી સંબંધિત ઝોન કચેરીમાં ભરવાની રહેશે. જો તે પ્રમાણે સમયસર રકમ ભરાશે નહી તો અર્નેસ્ટ મની (બાનાની) ડીપોઝીટની રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરી શકશે તથા ઈજારદારના હકકો આપો આપ રદ થશે. જે અંગે કોઈ તકરાર ચાલી શકશે નહી. સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરવામાં નિયત સમયથી વધુ સમય લાગશે તો વિલંબીત સમયગાળા માટે સીકયોરીટી ડીપોઝીટની રકમ પર વાર્ષિક ૧૮% ના દરે અથવા રૂા. ૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

(૩) સીકયોરીટી ડીપોઝીટ તરીકે ભરેલી રકમ આ કામગીરી અંગેના કરાર પાલનની જામીનગીરી તરીકે સુરત મહાનગરપાલિકા પાસે અનામત તરીકે રાખવામાં આવશે. અને ફાળવણીની શરતોનું પાલન થયું હશે તો ફાળવણી ની મુદત પુરી થયેથી ઈજારદારને વગર વ્યાજે પરત આપવામાં આવશે.

(૪) સીકયોરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ ઈજારદારને પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું બોર્ડ ઉભુ કરી જાહેરાત કરવા માટે પરવાનગી આપવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ, લાયસન્સ ફીની રકમ ભરપાઈ કરવામાં જો વિલંબ થશે તો તે ઈજારદારની જવાબદારી ગણાશે અને તેને લીધે કામગીરીની નિયત સમયમર્યાદામાં કોઈપણ જાતનો વધારો કરી આપવો કે કેમ તે અંગે નિર્ણય લેવાની મ્યુ.કમિશ્નરની સત્તા અબાધિત રહેશે.

(૫) ભાવપત્રક મંજુર થયેથી એલોટમેન્ટ લેટર આપ્યાની તારીખથી **દિન–૨૦ (વીસ)** માં ત્રિમાસીક લાયસન્સ ફી રોકડેથી / ચેકથી / ડીમાન્ડ ડ્રાફ્ટ મારફતે સબંધિત ઝોન કચેરીમાં ભરવાની રહેશે. ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ કમિશ્નર, સુરત મહાનગરપાલિકાના નામનો સ્થાનીક શીડયુલ / રાષ્ટ્રીયકૃત બેંન્કનો આપવાનો રહેશે. નિયત લાયસન્સ ફી/પરવાના ફી ભરવામાં નિયત સમયમર્યાદાથી વધુ સમય લાગે તો સુરત મહાનગરપાલિકાના નિતી–નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને નિયત સમય પછીના વધારાના વિલંબના સમય માટે ૧૮% ના વાર્ષિક દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

પરંતુ જો ઈજારદાર એલોટમેન્ટ લેટર મળ્યાની તારીખથી **૩(ત્રણ) માસમાં** ત્રિમાસીક લાયસન્સ ફી ની રકમ વિલંબીત પેનલ્ટી સહિત ભરવામાં નિષ્ફળ જશે તો તેમની ઈ.એમ.ડી. / સીકયુરીટી ડીપોઝીટની રકમ તથા અન્ય કોઈપણ જમા રકમ સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા સ્થળ પર કરવામાં આવેલ / થયેલ કામગીરી, માલ સામાનનો પ્રત્યક્ષ કબજો લઈ શકશે તેમજ તે બાબતે કોઈ નુકશાની ઈજારદાર માંગી શકશે નહી. આ સંજોગોમાં ઈજારદારને ફાળવવામાં આવેલ હકકો/કામગીરી રદ કરવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા અન્ય ઈજારદાર/વ્યકિત/સંસ્થા/એજન્સીને આ કામગીરી સોંપવા માટે હકકદાર રહેશે.

(૬) સદર કામે આવેલ બિડરો પૈકી પ્રથમ ત્રણ હાઈએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડિપોઝીટ ભાવપત્રકની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુર થયેલ બિડરને એલોટમેન્ટ લેટર ઈસ્યુ થયેથી તેઓ ધ્વારા નિયમ મુજબ સિકયુરીટી ડીપોઝીટ ભરપાઈ કર્યેથી ત્યાર બાદ મંજુરી મળ્યેથી પરત કરવામાં આવશે. પ્રથમ ત્રણ બિડરો સિવાય નાં અન્ય બિડરોની ઈ.એમ.ડી. ભાવપત્રકની કાર્યવાહી પુર્ણ થયા બાદ મંજુરી મળ્યેથી પરત કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ લાયસનસ/ પરવાના ફી ઈજારદારે નિયત સમયમાં / સમયાંતરે સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

(૭) પ્રથમ માસીક પછીની દરેક માસીક લાયસન્સ ફીની રકમ અગાઉથી સ્થાનિક શીડયુલ / રાષ્ટ્રીયકૃત બેંકના ચેકથી ડીમાન્ડ ડ્રાફટ / રોકડેથી જે તે માસ શરૂ થાય તે પહેલા ભરવી પડશે અને જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા સદરહું જાહેરાત વગર નોટિસે ઉતારી શકશે. તેમજ ઈજારો રદ કરી શકશે અને તે બાબતની કોઈ નુકશાની ઈજારદાર કોઈ માંગી શકશે નહી. આવી કાર્યવાહી કરતા પહેલા સુરત મહાનગરપાલિકા આવી ફી માટે માંગણી કરવા અથવા ઈજારદારને ખબર આપવા બંધાયેલ નથી.

(૮) ઈજારદારની ઈજારાના નિયત સમયગાળા દરમ્યાન જાહેરાતના માધ્યમોની સાઈઝ, સંખ્યા અથવા પ્રકારમાં સુરત મહાનગરપાલિકાની મંજુરીથી ઘટાડો / વધારો / ફેરફાર થાય તો તદનુસાર મંજુર લાયસન્સ ફી માં પ્રમાણસર ઘટાડો / વધારો કરવા સુરત મહાનગરપાલિકા અને ઈજારદાર બંધાયેલા રહેશે. આવા પ્રસંગોએ સુરત મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી તરફથી નિર્ણય / હુકમ થયેથી આગામી ત્રિમાસિક લાયસન્સ ફીની રકમમાં પ્રમાણસર વધારો / ઘટાડો કરવામાં આવશે અને જયાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી નિયત લાયસન્સ ફી ની રકમ ઈજારદારે સમયસર ભરવાની રહેશે.

ઈજારદાર જો નવા પ્રકારના જાહેરાતના માધ્યમો સૂચિત કરે અને તે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગ્રાહય રાખવામાં આવે તો તે માટે નિયત થાય તે મુજબ મંજુર લાયસનસ ફીમાં સુરત મહાનગરપાલિકા પ્રમાણસર વધારો કરી શકશે અને તે ઈજારદારે માન્ય રાખવાનો રહેશે.

(૯) આવેલ ઓફરો પૈકી સ્વીકારવામાં આવેલ ઓફર સિવાયના અન્ય ઈજારદારોએ ભાવપત્રક સાથે જમા કરાવેલ બાનાની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. સફળ ઈજારદારની બાનાની રકમ જરૂરી સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરાયા બાદ જ પરત આપવામાં આવશે.

(૧૦) ઈજારદારને ફાળવેલ જગ્યા/માધ્યમો ઉપર જાહેરાત કરવા સંબધી કોઈ પણ કાયદા હેઠળ રાજય સરકાર / કેન્દ્ર સરકાર અથવા કોઈ લાગતી વળગતી સરકારી/અર્ધસરકારી એજન્સીની મંજુરી/પરવાનગી / લાયસન્સ ની જરૂર હોય તો એ ઈજારદારે પોતે જ મેળવવાની રહેશે. સુરત મહાનગરપાલિકાની સદર બાબતે કોઈ જવાબદારી રહેતી નથી.

(૧૧) એલોટમેન્ટ લેટર મળ્યેથી લાયસન્સ ફીની રકમની સાથો સાથ કેન્દ્ર સરકાર / રાજય સરકાર તરફથી નકકી થયેલ ચાર્જ કે વખતો વખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતાં ચાર્જ કે સરકારી / અર્ધસરકારી ટેક્ષ /ચાર્જ / વેરા /ડયુટી વિગેરે ભરવાની /આપવાની જવાબદારી ઈજારદારની રહેશે.

કેન્દ્ર સરકાર / રાજય સરકાર / સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમો / કાયદામાં ફેરફારો થવાને કારણે કે નવા કાયદાઓ / નિયમોને કારણે ઈજારાની મુદત દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ / ચાર્જ / ડયુટી / વેરાઓ વિગેરે અમલમાં આવે તો તે ભરપાઈ કરવાની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને ફાળવણીની મુદત પુરી થયા પછી જો સરકારશ્રી તરફથી કોઈ લેણું આવશે તો સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વસુલ કરવા હકકદાર રહેશે. ઈજારદારે ભરવાની થતી ટેક્ષ / ડયુટી / વેરા / ચાર્જ વિગેરે તથા સરકારી ધારાની રકમ લાયસન્સ ફી ની રકમ સાથે જ ભરપાઈ કરવાની રહે છે.

(૧૨) ભાવપત્રક મંજુર થયેથી પરવાનો લેનારે મહાનગરપાલિકાના મુસદ્દા પ્રમાણે સુરત મહાનગરપાલિકા સાથે એગ્રીમેન્ટ કરવાનો રહેશે. એગ્રીમેન્ટના મુસદ્દામાં જણાવેલ શરતો આ ભાવપત્રકનો ભાગ ગણાશે અને તે એગ્રીમેન્ટમાં જણાવેલી પરવાનાની શરતોનું પાલન કરવા પરવાનો લેનાર બંધાયેલ રહેશે અને તેમ કરવામાં જો કસુર થશે તો જામીનગીરી તરીકેની રકમ જપ્ત કરવામાં આવશે અને મ્યુનિસીપલ કોર્પોરેશનને આ કરાર ભંગ થયેથી જે કંઈ નુકસાન થશે તે નુકશાનીની રકમ મહાનગરપાલિકા પરવાનો લેનાર પાસેથી કાયદેસર વસુલ કરવાને હકકદાર રહેશે. પરવાનેદારે કરારની કોઈ શરતનો ભંગ કર્યો છે કે નહી અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તે બાબતનો મ્યુનીસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે તે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

## [C] સમયમર્યાદા બાબત :–

(૧) સદર ફાળવણી પ્રથમ તબક્કામાં ૦૫ (પાંચ) વર્ષની મુદત માટે કરવામાં આવે છે. આ પરવાનાની મુદત એલોટમેન્ટ લેટરની તારીખથી ૦૧ (એક) માસ બાદ ગણવાની રહે છે. સદર ૦૧ (એક) માસમાં જાહેરાતના માધ્યમો માટે જરૂરી સ્ટ્રકચર ઉભા કરવા / ઈન્સ્ટોલ કરવા વિગેરે જેવી પુર્વ તૈયાર કરવાની રહેશે. ત્યારબાદ પરવાનાની મુદત ૦૫ (પાંચ) વર્ષ સુધીની રહેશે. જો ઈજારદાર સદર ફાળવણીની મુદત વધારવા માંગતા હોય નિયત મુદત પૂર્ણ થવાની તારીખના ઓછામાં ઓછા ૦૬ (છ) માસ પહેલા મુદત વધારવા બાબતે લેખિતમાં

નવી ઓફર સાથે અરજી કરવાની રહેશે. ઈજારદાર એક્ષટેન્શનની (મુદત વધારવાની) માંગણી કરે તો તેમને વધુમાં વધુ ૦૨ (બે) વર્ષનો વધારો આપી શકાશે. પ્રથમ પાંચ વર્ષ દરમ્યાનની ઈજારદારની કામગીરી સંતોષકારક હશે તો જ મુદતમાં વધારો (Extension) આપવા સુરત મહાનગરપાલિકા નિર્ણય કરશે. ઈજારદારની નવી ઓફર ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાને યોગ્ય જણાય તેવી શરતો / લાયસન્સ ફી મુજબ મુદત વધારો કરવામાં આવશે. મુદત વધારવી કે કેમ ? તથા કેટલા સમય માટે વધારવી તેના નિયમનની સઘળી સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની રહેશે અને જો કોઈ કેસમાં મુદત વધારવામાં આવે કે ન આવે તો તેવા કેસમાં સુરત મહાનગરપાલિકા કોઈપણ ખુલાસા કે કારણો આપવા બંધાયેલ નથી.

(૨) ઈજારદારની કામગીરી સંતોષકારક ન જણાય તો તેમનો ઈજારો મુદત પુરી થતા પહેલા રદ કરવાનો મહાનગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે. જેને માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૩) સીકયોરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ ઈજારદારને સાઈટ પર કામગીરી કરવા માટે પરવાનગી આપવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ, લાયસન્સ ફી ની રકમ ભરપાઈ કરવામાં જો વિલંબ થશે તો તે ઈજારદારની જવાબદારી ગણાશે અને તેને લીધે કામગીરીની નિયત સમય મર્યાદામાં કોઈપણ જાતનો વધારો કરી આપવો મહાનગરપાલિકા માટે ફરજીયાત નથી આવી પરિસ્થિતિને ધ્યાને લઈ મુદતમાં વધારો કરી આપવો કે કેમ ? તે અંગે નિર્ણય કરવાની મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે અને કરવામાં આવેલ નિર્ણય માટેના કોઈ કારણો આપવામાં આવશે નહીં.

(૪) ઈજારાનો સમયગાળો પુરો થયેથી ઈજારદાર તરફથી જાહેરાત માટે લગાડવામાં આવેલ તમામ જાહેરાતો પોતાના ખર્ચે દુર કરી સારી હાલતમાં જાહેરાતના માધ્યમોનો હવાલો / કબજો સુરત મહાનગરપાલિકાને સોંપવાનો રહેશે. જાહેરાતો દુર કરવામાં ઈજારદાર તરફથી કોઈ વિલંબ થશે તો તેવા જાહેરાતો ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા દુર કરાવી જાહેરાતના માધ્યમોનો કબજો લઈ લેશે અને તે અંગેના જે કંઈ ખર્ચ થાય તે તથા આમ કરવામાં જે વધારાનો સમય લાગે તે માટે પણ સપ્રમાણ વધારાનો ચાર્જ સીકયોરીટી ડિપોઝીટની રકમમાંથી કાપી લેવા તથા ઈજારદાર પાસેથી વસુલ લેવા સુરત મહાનગરપાલિકા હક્કદાર રહેશે.

## [D] સંખ્યા બાબત :–

(૧) આ કામે જાહેરાતના હક્કો ફાળવવા માટે નિયત કરવામાં આવેલ માધ્યમોની ટેન્ટેટીવ / સુચિત યાદી ભાવપત્રક માં દર્શાવી છે અને તે અનુસાર પબ્લીક ટોયલેટ પર જાહેરાતનું બોર્ડ ઉભું કરી જાહેરાત કરવાની થાય છે.

(૨) સુરત મહાનગરપાલિકાની પુર્વ મંજુરીથી જરૂર જણાયે ભાવપત્રકમાં સુચવેલ / દર્શાવેલ જાહરોતના માધ્યમોની સાઈઝ તથા સંખ્યા વધારી / ઘટાડી શકશે અથવા માધ્યમોની સાઈઝ તથા સંખ્યા ફેરફાર કરી શકશે. ભાવપત્રકમાં નિયત જાહેરાતના પબ્લીક ટોયલેટ બ્લોકના માધ્યમોની સાઈઝ તથા સંખ્યા વધારો કરવાનો થાય

તો તે માટે ઈજારદાર સુરત મહાનગરપાલિકાની સંમતિ / મંજુરી મેળવી કરી શકશે. સદર વધારા માટે મંજુર લાયસન્સ ફી મુજબની વધારાની લાયસન્સ ફી ની રકમ પ્રમાણસર ભરવાની રહેશે.

(૩) આ મુજબની જો કોઈ માધ્યમની સાઈઝમાં પણ જો વધારો / ઘટાડો થઈ શકે તેવી પરિસ્થિતિમાં ઈજારદારે સુરત મહાનગરપાલિકાની સુચના મુજબ પોતાના ખર્ચે અને જોખમે વધારો / ઘટાડો કરી કરવાનો રહેશે. આ પ્રમાણે માધ્યમની સાઈઝમાં થતાં વધારા / ઘટાડા અનુસારના ક્ષેત્રફળ મુજબ લાયસન્સ ફીમાં સપ્રમાણ વધારો / ઘટાડો કરવાનો રહેશે.

(૪) ઝોન વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટના લોકેશનો ધ્યાને રાખીને ભાવપત્રકમાં પબ્લીક ટોયલેટ ઉપર જાહેરાત પ્રદર્શિત કરવા સંખ્યા/ લોકેશન /સાઈટ સુચવવામાં આવેલ છે. કામગીરીના અમલીકરણ વખતે જો કોઈ સ્થાનિક જરૂરીયાતો અગર તો કોઈ અન્ય તાંત્રીક કારણોસર પબ્લીક ટોયલેટ બ્લોક પર બોર્ડ રદ/ સ્થગિત કરવામાં આવે તો ઘટાડેલી સંખ્યાઓને અનુરૂપ ઈજારદારને લાયસન્સ ફીમાં સપ્રમાણસર ઘટાડો આપવામાં આવશે. પરંતું તેના બદલામાં ઈજારદાર ફાળવણીની સમયમર્યાદા, નફામાં નુકશાની ( Loss in Profit ) વિગેરેની કોઈ રજુઆત/ માંગણી કરી શકશે નહી. સંખ્યામાં વધારો થાય તો મંજુર થયેલ ભાવ / શરતોને આધીન ઈજારદાર કામગીરી કરી શકશે.

(૫) વધુમાં, જો ચાલુ કામગીરી / અમલીકરણ વખતે સુરત મહાનગરપાલિકા ધ્વારા પબ્લીક ટોયલેટ બ્લોકની સંખ્યામાં વધારો થાય તો વધારાના બનાવેલ પબ્લીક ટોયલેટ બ્લોક માટે મંજુર લાયસન્સ ફી મુજબની વધારાની લાયસન્સ ફી ની રકમ સપ્રમાણ ભરવાની રહેશે અને તે મુજબ થતી વધારાની સીકયોરીટી ડીપોઝીટની રકમ ( વાર્ષિક લાયસન્સ ફી ના ૨૫ % લેખે) ભરવાની રહેશે.

(૬) કેન્દ્ર / રાજય સરકારશ્રીના કે સુરત મહાનગરપાલિકાના કાર્યક્રમો માટે જરૂરિયાત મુજબના માધ્યમો ઉપર જાહેરહિતમાં જાહેરાત કરી શકશે. આ બાબતે જે તે પરવાનેદાર વાંધો કે તકરાર કરી શકશે નહિ.

(૭) શહેર વિસ્તારમાં બનાવવામાં આવેલ ફુટ ઓવર બ્રીજના બંને બાજુ ૬૦૦ મી. સુધીના વિસ્તારમાં આવેલ જાહેરાતના માધ્યમો સદર ભાવપત્રક પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવેલ છે જેની નોંધ લેવી. તેમ છતાં સ્થળની ચોકકસ વિગતો ધ્યાને લેતાં સદર સંખ્યા / ક્ષેત્રફળમાં ફેરફાર (વધ / ઘટ ) કરવા પાત્ર જણાય તો તદઅનુસાર ક્ષેત્રફળમાં ( વધ / ઘટ ) ના સપ્રમાણમાં લાયસન્સ ફી માં વધારો / ઘટાડો થવા પાત્ર રહેશે જેની નોંધ લેશો.

## [E] જાહેરાત કરવાની શરતો બાબત :–

(૧) ઈજારદાર જાહેરાતના બોર્ડ પર અયોગ્ય, અશ્લીલ, કાયદાથી પ્રતિબંધિત તેમજ જાહેર સુરૂચીનો ભંગ કરે તેવી કોઈ પણ જાહેરાત પ્રદર્શિત કરી શકશે નહિ અને જો તેમ થયેલ જણાશે તો તેવી જાહેરાતના બોર્ડ / લખાણ /

લોગો / સીમ્બોલ મહાનગરપાલિકા ઈજારદારના ખર્ચ અને જોખમે વગર નોટીસે દુર કરી નાખશે અને તેમ કરવાનો જે ખર્ચ થશે તે ઈજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨) જાહેરાત પ્રદર્શિત કરવા માટેની મિનીમમ સાઈઝ નિયત કરવામાં આવેલ છે તે જગ્યા પર જ અને તેની મર્યાદામાં રહીને યોગ્ય મટીરીયલના ફ્રેમીંગ સહિતના બોર્ડ સ્ટ્રકચર પબ્લીક ટોયલેટ બ્લોક ઉપર લગાવવાના રહેશે.

(૩) પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક પરના દરેક બોર્ડ ઉપર ઈજારદારનું નામ દેખાય તે રીતે ફરજિયાત લખવાનું રહેશે.

(૪) ઈજારા દરમ્યાન પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ઉપર જાહેરાત માટે નિયત કરવામાં આવે તે સિવાયની જગ્યા / વિસ્તારમાં કોઈ પણ પોસ્ટર્સ, બેનર્સ, સાઈનબોર્ડ વિગેરે લગાવવામાં નહી આવે તથા અન્ય કોઈ રીતે તેનો દુર ઉપયોગ કે બગાડ થાય નહિ તેની તકેદારી રાખવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૫) જાહેરાતના બોર્ડ / લોગો / લખાણને લીધે કોઈ પણ વ્યકિત અગર સંસ્થાને કોઈ પણ પ્રકારનું નુકસાન થશે તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૬) ઈજારાની મુદત દરમ્યાન જાહેર હિતમાં અથવા અન્ય કોઈ પણ કારણોસર જરૂર જણાય તો મહાનગરપાલિકા ઈજારદારને ટૂંકી નોટીસ આપી ઈજારો રદ કરી શકશે. તેવા પ્રસંગે ઈજારદારને કોઈ પણ પ્રકારનું વળતર કે નુકસાની માંગવાનો અધિકાર રહેશે નહી. તથા ઈજારદારે તાત્કાલીક પોતાના જાહેરાત સ્વખર્ચે ઉતારી લેવાની રહેશે.

(૭) સરકાર ધ્વારા ચૂંટણીની જાહેરાત થયેથી તેની આચાર સંહિતાનો અમલ થાય તે સમયગાળા દરમ્યાન ઈજારદાર ઉકત ચૂંટણીની આચાર સંહિતાનો ભંગ થાય તેવી કોઈપણ જાતની જાહેરાતો પ્રસિધ્ધ કરી શકશે નહી અને જો આ સમયગાળા દરમ્યાન આવી કોઈ જાહેરાતો પ્રસિધ્ધ કરવામાં આવ્યાનું જણાશે તો તે અંગેના જે કંઈ પરિણામની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૮) ઈજારદાર ધ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ જાહેરાત બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા, ખાતા, વિભાગ ધ્વારા વાંધો રજુ કરવામાં આવે તો તે બાબતનો યોગ્ય નિકાલ ઈજારદારે પરભારે કરવાનો રહેશે તથા તેવી જાહેરાતો બાબતે સ્પષ્ટતા / ખુલાસા ઈજારદાર પાસેથી સુરત મહાનગરપાલિકા માંગી શકે છે અને જે જાહેરાત બાબતે કોઈને વિરોધ છે તે જાહેરાત વાંધાજનક ન હોવા બાબતે સંતોષકારક / અધિકૃત પુરાવાઓ સહિતનો જવાબ ઈજારદારે રજુ કરવાનો રહેશે.

(૯) પરવાનો લેનાર પરવાનાની શરતોનું પાલન કરવામાં કસુર કરશે તો મ્યુનિસીપલ કમિશ્નરને ડીપોઝીટની રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે. કરારના ભંગના પરિણામે સુરત મહાનગરપાલિકાને જે કંઈ નુકશાન થશે તે માટે પરવાનેદાર જવાબદાર રહેશે. પરવાનેદાર પરવાનાની શરતોનો ભંગ કર્યો છે કે કેમ અન ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તે બાબતો મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે અને પરવાનો લેનારને તે બંધનકર્તા રહેશે.

(૧૦) ઈજારદારે ઓફર આપતા પહેલા ભાવપત્રકમાં જણાવેલ જાહેરાતના તમામ માધ્યમોની સ્થળ પરિસ્થિતી તથા તેનો હદ વિસ્તાર વિગેરે પુરેપુરો રૂબરૂમાં જોયો છે તથા તમામ માધ્યમો ઉપર પ્રદર્શિત કરવામાં આવનાર બોર્ડ / જાહેરાતો દ્રશ્યમાન (વીઝીબલ) હોવાની ખાત્રી કરેલ છે તેમ માની લેવામાં આવશે તથા સ્થળ પરની હયાત પરીસ્થિતીમાં જ ઈજારા માટે ફાળવવાના રહે છે. જેથી આ બાબતે પાછળથી કોઈ તકરાર ચાલશે નહી.

(૧૧) આ કામગીરી દરમ્યાન સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન નહી પહોંચે તેની જવાબદારી ઈજારદારની રહેશે અને તેને કોઈ નુકશાન થશે તે સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વળતર લઈ શકશે.

(૧૨) આ તમામ માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવામાં આવે ત્યારે સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન ન થાય તેની ખાસ કાળજી રાખવી તથા જે કંઈ તુટ–ફુટ થાય તેની મરામત સુરત મહાનગરપાલિકા તરફથી સુચવ્યા મુજબ કરવાની તથા તેને યથાવત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૩) પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક પર કોઈ પણ પ્રકારનું ડાયરેકટ પેઈન્ટીંગ કરી શકાશે નહિ.

(૧૪) બીડી, ગુટખા, સિગારેટ, તમાકુ અથાવા કોઈ પ્રતિબંધિત ચીજ વસ્તુઓની જાહેરાત કરવા મંજુરી આપવામાં આવશે નહિ.

(૧૫) માદક દ્રવ્યો અને મધપાન કરનાર પીણાં અને પદાર્થો અંગેની જાહેરાત કરવા મંજુરી આપવામાં આવશે નહિ.

(૧૬) કોન્ટ્રકટર પ્રવર્તમાન કાયદા મુજબ રાજકીય અથવા સામાજિક, નૈતિક અથાવા ધાર્મિક દ્રષ્ટિકોણથી અશ્લીલ વાંધાજનક કોઈ પણ જાહેરાત પ્રસિધ્ધ કરી શકશે નહિ.

(૧૭) કોન્ટ્રકટના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકા , સરકાર અથવા માનનીય અદાલત ધ્વારા પ્રતિબંધિત જાહેર ખબર અંગેના કોઈ પણ ફેરફારો કોન્ટ્રકટર ધ્વારા તાત્કાલિક અમલી અને બંધનકર્તા રહેશે.

(૧૮) કોઈપણ ઈજારદારની સુરત મહાનગરપાલિકા ધ્વારા આ અગાઉ મંજુર કરેલ જાહેરાત અંગેના હોર્ડિંગ્સ, કિયોસ્ક, બસસ્ટેન્ડ વિગેરે કામોએ ભાડાની રકમ બાકી હશે તો ઈજારદારનો ઈજારો રદ થવાને પાત્ર રહેશે.

(૧૯) ઈજારદારે ભાવપત્રકમાં જણાવેલ ભાવો / ઓફર પ્રમાણેની નિયત પુરેપુરી રકમ તાકીદે ધરવાની રહેશે અને જો કોઈ માધ્યમ પર ઈજારદાર ધ્વારા જાહેરાત કરવામાં ન આવે તો પણ પુરેપુરી લાયસન્સ ફી ની જમા સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાની રહેશે. જેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.

(૨૦) ઈજારદાર ઈચ્છે તો પોતાના ખર્ચે અને જોખમે જાહેરાતના બોર્ડ બેકલીટ અથવા ફ્રન્ટલીટ ટાઈપના રાખી શકશે. જેને માટેની જરૂરી વીજ વ્યવસ્થા જોડાણ , તમામ સાધન–સામગ્રીની વ્યવસ્થાઓ ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે અને વીજ પુરવઠો મેળવવાની તેમજ વીજ વપરાશ અંગેના લાઈટ બીલો ભરવાની, જરૂરી

મેઈન્ટેનન્સ / જાળવણી કરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. સુરત મહાનગરપાલિકા તરફથી વીજ પુરવઠો મેળવવા માટે જરૂરી "ન વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવશે.

(૨૧) સદર કામ ભાવપત્રકમાં જણાવેલ જાહેરાતના તમામ માધ્યમોના સ્ટ્રકચરની નિયમિત રૂપે સાફ –સફાઈ, ચકાસણી તથા નિરિક્ષણ કરવાનું રહેશે. જાહેર જનતાના મેળાવડા કે અન્ય સામાજીક / ધાર્મીક પ્રસંગો દરમ્યાન વિશેષ કાળજી રાખીને જાહેરાતના તમામ માધ્યમોની ચકાસણી કરી લેવાની રહેશે તથા કાયદાથી પ્રતિબંધિત હોઈ તેવી વાંધાજનક / નુકશાનકારક, વિસ્ફોટક કે અન્ય બિનવારસી ચીજ – વસ્તુઓ મુકવામાં આવે નહી તેની કાળજી રાખવા તેમજ આવી કોઈ વસ્તુ જણાય તો તાત્કાલિક જવાબદાર ખાતા / વિભાગને જાણ કરવાની રહેશે. સ્વચ્છતા / આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવાની રહે છે.

(૨૨) રોડ, ટ્રાફિક સાઈન, સિગ્નલને અંતરાયરૂપ થાય તે રીતે બોર્ડ મુકી શકાશે નહિ.

(૨૩) વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકાશીત કે નિયોન પ્રકારની જાહેરાતના બોર્ડ મુકવાની પરવાનગી આપવામાં આવશે નહી.

## [F] બાંધકામ / ઈરેકશન ( Erection ) તથા નિભાવ અને જાળવણી ( મેઈન્ટેનન્સ) બાબત :–

(૧) જાહેરાતના માધ્યમો પર જાહેરાતો લગાડવાની કામગીરી દરમ્યાન કે માલ–સામાનની હેરફેર કરતી વખતે કામદારો, આજુબાજુના રહીશો, વાહન વ્યવહાર કે અવર જવર કરનાર નાગરીકોને અસર ન થાય તે તેમજ નુકશાન ન પહોંચે તેમજ કોઈ અકસ્માત ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. સંભવિત અકસ્માતની શકયતાઓ સામે તમામ પ્રકારના તકેદારીના પગલા લેવાની જવાબદારી ઈજારદારની છે. આ કામગીરી દરમ્યાન કોઈ અકસ્માત / જાનહાની થશે તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહે છે.

(૨) આ કામગીરી દરમ્યાન તથા સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન નહી પહોંચે તેની જવાબદારી ઈજારદારની રહેશે અને તેને કોઈ નુકશાન થશે તે સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વળતર લઈ શકશે.

(૩) આ તમામ માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવામાં આવે ત્યારે સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન ન થાય તેની ખાસ કાળજી રાખવી તથા જે કંઈ તુટ–ફુટ થાય તેની મરામત સુરત મહાનગરપાલિકા તરફથી સુચવ્યા મુજબ કરવાની તથા તેને યથાવત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૪) પબ્લીક ટોયલેટ બ્લોકની ઉપરની બાજુએ જાહેરાત માટેના માધ્યમ / સ્ટ્રકચર્સ ઉભા કરી સફળ ઈજારદારે માન્ય સ્ટ્રકચર્સ / ડિઝાઈનર પાસેનું સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે.

(૫) જાહેરાતના તમામ માધ્યમોને કોઈપણ નુકશાન થાય અથવા ચોરાય જાય તે માટે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૬) જાહેરાત બોર્ડ/ લખાણ /લોગો /સીમ્બોલ વિગેરેની જાળવણી તથા સલામતીની તેમજ કોઈ અકસ્માત થાય તો તેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે તથા તે અંગે કોઈ વળતર આપવાનું થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૭) અકસ્માતથી પડી જાય તેવા તકલાદી અગર ભયજનક હોય તેવા માધ્યમો રાખવા દેવામાં આવશે નહી અને જો તેમ થયેલ જણાશે તો તેવા માધ્યમો મહાનગરપાલિકા વગર નોટીસે પરવાનેદારના ખર્ચે અને જોખમે ઉતરાવી નાખશે તેમજ તે અંગેની કોઈપણ રકમ રીફન્ડ આપવામાં આવશે નહી. સ્ટ્રકચરલી સ્ટેબલ તથા તમામ પ્રકારે સલામત હોર્ડીગ્સ/ તમામ માધ્યમો રાખવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહે છે. આ સંબંધે કોઈપણ અકસ્માત / નુકશાન / જાનહાની સર્જાશે તો અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહે છે.

(૮) જાહેરાતના માધ્યમો મજબુત અને લગાડતા પહેલા કાટ ન લાગે તેવા રંગથી રંગેલુ અને તે સહેલાઈથી ઉતારી શકાય તેવી રચનાવાળું હોવું જોઈએ.

(૯) સુરત મહાનગરપાલિકા ધ્વારા તેઓની મિલ્કત રસ્તા પર રંગ રોગાન / મરામતનું કામ કરે ત્યારે પરવાનેદાર તેમના જાહેરાતના માધ્યમો ઉતારવાના રહેશે. જો તે ઉતારવામાં નહી આવે તો કિયોસ્ક / જાહેરાત હોર્ડીગ્સ /બોર્ડ થી ઢંકાયેલા અને રંગાયેલા ભાગનું કામ મ્યુનિસીપલ કોર્પોરેશનને માન્ય કરેલ રંગ પરવાનેદારે તેમના ખર્ચે અને જોખમે કરી આપવાનું રહેશે અને જો તેમ નહી થાય તો સુરત મહાનગરપાલિકા પરવાનેદારના ખર્ચે અને જોખમે કરી શકશે.

(૧૦) ઈજારદારે જાહેરાતના તમામ માધ્યમોનું નિયમિત રૂપે મેઈનટેન્નસ કરવાનું રહેશે. હોર્ડીગ્સ /બોર્ડને સ્ટાન્ડર્ડ કવોલીટીના એન્ટીકોરોઝીવ (Anti-Corrosive) પેઈન્ટ વડે રંગવાના રહેશે અને પ્રતિ વર્ષ આ મુજબ કલરકામ કરતા રહેવાનું રેહેશે.

(૧૧) ઈજારદારે ઉભા કરેલ જાહેરાતના માધ્યમો અન્વયે માન્ય સ્ટ્રકચરલ ઈજનરે પાસેથી વધુમાં વધુ દર ૦૨ (બે) વર્ષના અંતે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી મેળવવાનું તથા ખાસ વિપરીત/ આકસ્મિક સંજોગો સર્જાય ત્યારે / જરૂર જણાયે સ્ટ્રકચરની સલામતી અંગેની ઉપર મુજબ જરૂરી ચકાસણી કરી સર્ટી મેળવવાનું રહેશે તથા માન્ય સ્ટ્રકચર ઈજનેરશ્રી સુચવે તે પ્રમાણેના સલામતીના પગલા/રીપેરીગ/મરામત/સ્ટ્રેન્ધનીંગ ઈજારદારશ્રીએ કરાવવાનું છે.

(૧૨) હોર્ડીગ્સ /બોર્ડના સ્ટ્રકચર, નટ–બોલ્ટ, ફિકચર્સ (Fixtures) વિગેરે દર મહિને ચેક કરવાના રહેશે અને તેને જરૂર જણાયે ટાઈટ કરી આ માધ્યમોને સલામત રાખવાના રહેશે. અગર તો નટ–બોલ્ટ કે ફિકચર્સ (Fixtures) બદલવા જોગ જણાય તો તે ઈજારદારે તાત્કાલીક પોતાના ખર્ચે બદલવાના રહેશે.

(૧૩) કામગીરીના સમયગાળા દરમ્યાન કોઈ માધ્યમ તૂટી / નમી / વળી / પડી જાય નહીં તેની પૂરતી જાળવણી / કાળજી ઈજારદારે અચુક રાખવાની છે અને જો કોઈ માધ્યમને અસર થાય તો તેને ફરી પાછા મૂળ સલામત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની છે.

(૧૪) વરસાદ–વાવાઝોડા કે કુદરતી આફતોના પ્રસંગોએ આ તમામ માધ્યમોની ખાસ ચકાસણી કરવાની રહેશે અને તેની વિશેષ જાળવણી કરવાની રહેશે. જે દરમ્યાન કોઈ અકસ્માત થાય તો તેની પણ સંપુર્ણ જવાદારી ઈજારદારની રહેશે.

(૧૫) પબ્લીક ટોયલેટ બ્લોકની ઉપરની બાજુએ જાહેરાત માટે નિયત સાઈઝનું માધ્યમ/બોર્ડ મુકવાનું રહેશે. આ સિવાયનું મંજુરી વિનાનું અન્ય કોઈપણ સાઈઝનું બોર્ડ બીનપરવાનેદાર (પરવાનગી વિનાનું) ગણીને ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા ઉતરાવી નાખશે.

(૧૬) ઉપરોકત તમામ શરતો પૈકી કોઈપણ શરતનું પાલન જો ઈજારદાર તરફથી કરવામાં ન આવે તો દિન–૩૦ ની નોટીસ આપી કામગીરીમાંથી મુકત કરવામાં આવશે અને આ તબક્કે કરેલ કામગીરી અંગે કોઈ પણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહીં.

(૧૭) ઈજારદારના કાર્યકળ દરમ્યાન પબ્લીક ટોયલેટ બ્લોકની દિવાલ / છત અગર તો લાગુ જગ્યા પર જાહેરાત માટે નિયત કરવામાં આવે તે સિવાયની જગ્યા / વિસ્તારમાં કોઈપણ પોસ્ટર્સ, બેનર્સ, સાઈનબોર્ડ, વિગેરે લગાવવામાં નહી આવે તેની તથા અન્ય કોઈ રીતે તેનો દુરઉપયોગ કે બગાડ થાય નહી તેની તકેદારી રાખવાની તથા પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની દિવાલ / છત પર કરેલું જણાય તો તે દુર કરવાની જવાબદારી ઈજારદારની રહેશે.

ઉપરોકત તમામ શરતોના અર્થઘટન બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને ઈજારદારને બંધનકર્તા રહેશે. સદર ભાવપત્રક સંદર્ભે કોઈપણ પ્રકારના કાયદાકીય પ્રશ્ન ઉભા થશે તો તે અંગેનું કાયદાકીય/ ન્યાયિક ક્ષેત્ર સુરત રહેશે.

## <u>સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટ બ્લોકની યાદી</u>

| અ.નં. | હોર્ડીગ્સ લોકેશન | હોર્ડીગ્સ સાઈઝ | સ્કે. ફીટ |
|---|---|---|---|
| ૧ | પત્રકાર સર્કલ નજીક (ગોવાલક) | ૨૦' X ૨૦' | ૪૦૦ ચો.ફુટ |
| ૨ | પ્રમુખ પાર્ક<br>(પાંડેસરા જી.આઈ.ડી.સી., બી.આર.ટી.એસ.<br>બસ સ્ટોપ પાસે, શોપીગ સેન્ટરની પાછળ) | ૨૦' X ૨૦' | ૪૦૦ ચો.ફુટ |
| ૩ | પંચશીલનગર (કોમન સર્કલ પાસે, બમરોલી મેઈન રોડ, રેઈન બસેરા) | ૨૦' X ૨૦' | ૪૦૦ ચો.ફુટ |
| ૪ | શિવાજીનગર ખટોદરા (બી.આર.ટી.એસ.રોડ) | ૨૦' X ૨૦' | ૪૦૦ ચો.ફુટ |
| ૫ | ઉધના બી.આર.સી. ખાડી (ભેદવાડ ખાડી) પાસે<br>(ચેન્જ ઓફ સાઈટની મંજુરી મુજબ) ) | ૨૦ ' × ૨૦' | ૪૦૦ ચો.ફુટ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ઉધના ખાડી પાસે (ચેન્જ ઓફ સાઈટની મંજુરી મુજબ) | ૨૦ ' × ૨૦' | ૪૦૦ ચો.ફુટ |
| ૭ | અશોકસમ્રાટ નગર( ડીંડોલી બ્રીજ તરફ જવાના રસ્તા પર) | ૨૦ ' × ૨૦' | ૪૦૦ ચો.ફુટ |
| | | **કુલ :–** | **૨૮૦૦ ચો.ફુટ** |

-Sd-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–એ(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

## <u>પત્રક –૧</u>
## <u>હકીકત ફોર્મ</u>

**કામનું નામ : સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું માધ્યમ / બોર્ડ ઉભુ કરી જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો મેળવવા અંગેના કામ.**

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં જુદા–જુદા લોકેશન પર આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક ઉપર જાહેરાતનું માધ્યમ ઉભુ કરી જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો મેળવવા માટે રસ ધરાવતા એસોશસએશન, એજન્સી કે જેમાં એક વ્યકિત કે વધુ વ્યકિતઓથી કોઈ સંસ્થા બનાવી હોય તેમણે પુરી પાડવાની માહિતી :–

(૧) સંસ્થાનું પુરુ નામ :–

(૨) પુરુ સરનામુ :–

(૩) સંચાલકનું પુરુ નામ :–

(૪) સંચાલકનું રહેઠાણનું સરનામું :–

(૫) ભાગીદારોની વિગત :–

| અ.નં. | નામ | સરનામું | સહી |
|---|---|---|---|
| (અ) | | | |
| (બ) | | | |
| (ક) | | | |
| (ડ) | | | |

(૬) સંસ્થાનો કાયમી નકત રજી.નંબર :–

(પુરાવા રૂપે ઝેરોક્ષ નકલ રજુ કરવી )

(૭) પાછલા ૦૩ (ત્રણ) વર્ષના ઈન્કમટેક્ષ કલીયરન્સ :–
સર્ટીની પ્રમાણિત નકલ

(૮) ભાગીદારીના કરારની પ્રમાણિત નકલો :–

(૯) મહાનગરપાલિકા સાથે પત્ર વ્યવહાર :–
તથા લેવડ –દેવડ માટે અધિકુત પ્રતિનિધિ /
ભાગીદારનું નામ, સરનામું
તથા ફોન નંબર

ઉપર જણાવ્યા મુજબની હકીકત અમારી જાણ અને માન્યતા મુજબ ખરી છે. જેની અમો આથી ખાત્રી આપીએ છીએ.

**તા: / / ૨૦૨૬**

————————————————————

**ઈજારદારની સહી તથા સિકકો**

## પત્રક–૨

## બાંહેધરી પત્રક

**કામનું નામ : સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું માધ્યમ/બોર્ડ ઉભું કરી જાહેરાત પ્રદર્શીત કરવા ના હકકો મેળવવા અંગેનું કામ.**

આથી હું નીચે સહિ કરનાર ______________________________________________ રહે. ___________________________________________ આ ભાવપત્રકમાં જણાવેલ તમામ શરતો પૂરેપૂરી વાંચી, સમજી તે પ્રમાણે વર્તવાની ખાતરી આપીને આ ભાવપત્રક ભરું છું આ ભાવપત્રકમાં જણાવેલ પબ્લીક ટોયલેટ બ્લોક લોકેશન ઉપર જાહેરાતના હક્કો ૦૫(પાંચ) વર્ષની મુદત માટે સુરત મહાનગરપાલિકાને લાયસન્સ/પરવાના ફી ભરપાઈ કરવાની શરતે તથા મ્યુનિસિપલ તથા સરકારી કરવેરાઓ અલગથી નિયમ મુજબ આપવા બંધાઉ છું. મારી ભાવપત્રકમાં જણાવેલ મંજુર થયેલ લાયસન્સ ફીની રકમ નિયત સમય મર્યાદામાં ભરવાની હું બાંહેધરી આપું છું. આ ભાવપત્રકની બાનાની રકમ રૂા. /– સુરતની શીડયુલ બેન્કમાં વટાવી શકાય તેવા પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફટ નં. _______________ તા. ___________,__________________ બેન્ક સુરતનો આ સાથે સામેલ કરેલ છે.

ઈજારદાર/સંસ્થાનું નામ તથા સીક્કો :–

ઈજારદાર/સંસ્થાનું પુરું સરનામું :–

ઈજારદારની સહિ :–

**તા. / / ૨૦૨૬**

**TAXES, DUTIES, OCTROI, ETC. :**

The Contractor shall be liable to payment of all the Central/ State/Local Bodies' Levies, taxes or duties etc. The SMC shall neither bear it nor reimburse at any time but will ensure deduction of Central/State/Local levies and taxes at Source at the rate provided under the relevant statutes from time to time inforce. Further the work contract tax or GST shall be borne by the Contractor as per Rules and Regulations of Government.

**1% Construction Cess will be deducted from respective R.A. Bill and Final bill in accordance with the prevailing norms of Govt. of Gujarat.**

**GST clause for construction/ erection/commissioning / installation/ repairs/ maintenance/ renovation/ fabrication of structure including building (means all works, contracts/turnkey projects/ supply of materials/ goods).**

**GST (Goods & Service Tax) has come in existence from 1 July 2017. Contract / Successful Bidder is bound to pay any amount of GST prescribed by the Govt. of India as per the Terms of Contract agreed upon during the course of execution of this Contract.**

**During the course of execution of contract. if there is any change in Rate of GST (Goods & Service Tax) by the Government the same shall be reimbursed / recovered separately by SMC subject to the submission of Original Receipt / proof for the amounts actually remitted by the successful Tenderer / Contractor to the competent authority along with a certificate from Chartered Accountant of Contractor / Successful Bidder certifying that the amount of GST paid to the Government and the same shall be intimated / submitted /claimed within 30 Days from the date of payment Remittance of GST within stipulated period shall be the sole responsibility of the Successful Bidder / Contractor, failing which SMC and decision of Municipal Commissioner shall be final and binding on the Contractor / Successful Bidder in this regard Further the non-payment of GST to the Government may lead to the termination of contact and forfeiture of security Deposit / Performance Guarantee Amount.**

**If imposition of any other new Taxes / Duties / Levies / Cess or any other incidentals etc. or any increase in the existing Taxes / Duties / Levies / Cess or any other incidentals etc. (Excluding GST ) are imposed during the course of the contract the same shall be borne by the Contractor / Successful Bidder only in no case SMC shall be liable for the same**.

## ANNEXURE-A

## AFFIDAVIT

Name of Work: - ………………………………………………………………………

- I the undersigned do hereby certify that all the statements made in the required attachments are true and correct. I also understand that in case of wrongful/false information, corporation is entitled to take any civil & criminal punitive action against me / us .
- The undersigned also hereby certifies that neither our firm M/S …………………………….. nor any constituent partners have abandoned any work in india nor any contract awarded to us has been rescinded during last five year, prior to the date of this bid.
- The undersigned hereby authorize (s) and request (s) any bank, person, authorities, government of public limited institutions, firm or corporation to furnish pertinent information deemed necessary and requested by the SMC to verify our statements of our competence and general reputation etc.
- the undersigned understands and agrees that further qualifying information may be requested and agrees to furnish any such information at the request of the SMC.
- The SMC and its authorized representatives are hereby authorized to conduct any inquiries of investigations to verify the statements, documents and information submitted in connection with this bid and to seek clarification from our bankers and clients regarding any financial and technical aspects. This Affidavit will also serve as authorization to any individual or authorized representative to any institution referred ti in the supporting information to provide such information deemed necessary and requested by representative of Surat Municipal Corporation to verify statements and information provide in the Quotation of with regard to the resources, experience and competence of the Applicant.
-

………………………………………………………………..
Signed by the Authorize signatory of the firm

………………………………………………………………..
Title of the Office

………………………………………………………………..
Name of the firm

Date:

Note:- The affidavit format as indicated above to be furnished on non-judicial stamp Paper of Rs.300 and duly notarized

**ANNEXURE- B**

**UNDER TAKING BY THE TENDERER FOR NOT BLACK LISTED**

I/We............................................ Address .......................................................................................

............................................. Solemnly affirm and state that on oath that.......................... (Name of Aplicant/Bidder) has not been black listed by any Government/Semi Government/Public Sector Undertaking/Public limited and not has been banned/suspended business dealings with the said firm.

The information given above is true to the best of my knowledge.

I/We agree that if any notice in future, my/our bid/tender shall be rejected/terminated

SIGNATURE AND SEAL OF THE CONTRACTOR:

Name: ......................................

Address: ...................................

............................

Date :

Note:- The affidavt format as indicated above to be furnished on non-judical stamp paper of Rs.300 and duly notarized

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઝોન–એ (ઉધના)

**સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ (ઉધના) વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું માધ્યમ/બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો મેળવવા અંગેના કામ. (ચોથો પ્રયત્ન)**

| કામનું નામ | ઓફર રકમ | |
|---|---|---|
| સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) વિસ્તારમાં આવેલ પબ્લીક ટોયલેટ બ્લોક પર જાહેરાતનું માધ્યમ/બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો મેળવવા અંગેના કામ. (ચોથો પ્રયત્ન) | **રૂા. (આંકડામાં)** | **રૂા. (શબ્દોમાં)** |
| | | |

**ઈજારદારનું નામ**
**ઈજારદારની સહી સિકકા**

-Sd-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–એ (ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**